"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation

રેફ નં. તા: ૨૮/૧૨/૨૦૧૫

તંત્રી શ્રી. ______________________ સુરત

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

[signature]

નીલેશ વિ. માંડલેવાલા, પ્રમુખ

---

## સુહાગીયા પરીવારે બ્રેનડેડ જગદીશભાઈ ના અંગોનું દાન કરી ચાર વ્યક્તિઓને આપ્યું નવું જીવન અને નવી રોશની

નામ: જગદીશભાઈ મનુભાઈ સુહાગીયા ઉ. વ. ૩૦ બ્લડ ગ્રુપ: O+ (કારગીલ ચોક પુણાગામ ખાતે તેઓના ભાઈઓ સાથે "પંચદેવ લેસ જોઈન્ટ" નામથી લેસ મુકવાના મશીન ચલાવી તેમના પરિવારનું જીવન નિર્વાહ કરતા હતા.)

રહેવાસી : A-૫, રૂક્ષ્મણી સોસાયટી, કારગીલ ચોક, સુરત.

મૂળ રહેવાસી : ગામ: આદસંગ, તા. સાવરકુંડલા, જી.: અમરેલી

કૌટુંબિક વિગત : પિતા : મનુભાઈ પરષોત્તમભાઈ સુહાગીયા ઉ. વ. ૫૨ (વલુડી ગામ ખાતે આવેલ પંચદેવ સ્વામીનારાયણ મંદિરની ગૌશાળામાં તેમની સેવા આપી રહ્યા છે.)

માતા : હંસાબેન મનુભાઈ સુહાગીયા ઉ.વ ૫૦

ભાઈ : ૧. ચેતન મનુભાઈ સુહાગીયા ઉ.વ ૩૨ ( જન્મથી જ કોમામાં છે)

૨. ઘનશ્યામ મનુભાઈ સુહાગીયા ઉ.વ ૨૭

૩. રસિક મનુભાઈ સુહાગીયા ઉ.વ ૨૩

બનાવની વિગત:

શુક્રવાર તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ જગદીશભાઈ બપોરે ૩:૩૦ કલાકે પોતાના બાઈક ઉપર લક્ષ્મણનગર, પોતાની ફેક્ટરી "પંચદેવ લેસ જોઈન્ટ"તરફ આવતા હતા ત્યારે પગમાં ખાલી ચડતા તેમણે તેમના ભાઈશ્રી રસીકને ફોન કરી તેમને બંને પગે ખાલી ચડી ગઈ હોવાનું, અને તેમનાથી બાઈક ચલાવી શકાતું નથી અને ઉભા પણ રહી શકાતું નથી એમ જણાવ્યું. તેથી ભાઈ રસીક, લક્ષ્મણનગર, કારગીલ ચોક વરાછા તેમના ભાઈ જગદીશ પાસે પહોંચ્યો. ત્યારબાદ જગદીશભાઈને વોમીટ થઇ અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી ભાઈ રસીકે તેને તુરંત જ પી. પી. સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટ એન્ડ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પીટલમાં બેભાન હાલતમાં ડૉ. અલ્પેશ વાઘાણીની સારવાર હેઠળ દાખલ કર્યો.

**"Donate Life"**
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

**DONATE LIFE**
an initiative for organ donation



ડૉ. અલ્પેશ વાઘાણીએ સી. ટી. સ્કેન કરાવતા બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું. ત્યારબાદ શ્વાસની ક્રિયા ઓછી થતા અને હૃદયના ધબકારા પણ ઘટવા માંડતા તેમને વેન્ટીલેટર ઉપર મુકવામાં આવ્યા.

શનિવાર તા. ૨૬ ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડૉ. પાર્થીવ દેસાઈએ જગદીશભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

પી. પી. સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટના CEO ડૉ. સ્નેહલ ડુંગરાણીએ ડોનેટ લાઈફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી જગદીશભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ રાકેશ જૈન સાથે હોસ્પીટલ પહોચી ડૉ. અલ્પેશ વાઘાણી અને ડૉ. સ્નેહલ ડુંગરાણીની સાથે રહી જગદીશભાઈના પિતા શ્રી મનુભાઈ, ભાઈ રસિક અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશન અંગે જાણકારી આપી અને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

જગદીશભાઈના પિતા શ્રી મનુભાઈ અને પરિવારના સભ્યોએ જણાવ્યું કે અમારો દીકરો બ્રેનડેડ થઈ ચુક્યો છે અને તેના અંતિમસંસ્કાર કરીને શરીર બાળીને રાખ થઇ જાય તેના કરતા કોઈકના લાડકવાયાને નવું જીવન આપી શકાતું હોય તો તમે મારા દીકરાના કિડની, લીવર અને ચક્ષુનું દાન કરાવવા માટે આગળ વધો.

આમ પરિવારજનો તરફથી અંગદાન અંગે સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર દિવ્યાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અંગદાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેન્કના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની કેન્દ્રીય વિદ્યાલય SAC વસ્ત્રાપુર અમદાવાદમાં ધો. ૧૧ માં અભ્યાસ કરતા મધ્યપ્રદેશના સૈફુલ ખાન ઉ.વ. ૧૪ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર પ્રાંતીજ સાબરકાંઠાના રહેવાસી કૃષ્ણકાંત કનૈયાલાલ કંસારા ઉ.વ. ૩૮ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જગદીશભાઈના પિતાશ્રી મનુભાઈ, ભાઈ રસીક અને ઘનશ્યામ તથા સુહાગીયા પરીવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. પાર્થીવ દેસાઈ, ફીઝીશ્યન ડૉ. અલ્પેશ વાઘાણી, પી. પી. સવાણી હાર્ટ હોસ્પીટલના CEO ડૉ. સ્નેહલ ડુંગરાણી, પી. પી. સવાણી હાર્ટ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન અને સુલાભ જીવાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૫ કિડની, ૪૩ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૧ હૃદય અને ૧૧૨ ચક્ષુઓનો દાન મેળવીને ૨૯૪ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.